અપીલ અરજી નં.૭૦ તા.૭–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પી. ધીવાળા
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પી. ધીવાળાની તા.૧૦–૨–૧૧ની અરજીથી વેસ્ટઝોન રામનગર વિસ્તારની ફોટાવાળી અને ફોટા વગરની મળી કુલ ૧૬ દર્શાવેલ વિગતની મિલ્કતો પૈકી ફોટાવાળી ૯ મિલ્કતોની મુદ્દા નં.૧ થી ૧૭ ની બાંધકામ અંગેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૭–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૦/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પી. ધીવાળાની તા.૧૦–૨–૧૧ની અરજીથી વેસ્ટઝોન રામનગર વિસ્તારની ફોટાવાળી અને ફોટા વગરની મળી કુલ ૧૬ દર્શાવેલ વિગતની મિલ્કતો પૈકી ફોટાવાળી ૯ મિલ્કતોની મુદ્દા નં.૧ થી ૧૭ ની બાંધકામ અંગેની માહિતિ આપવા બાબતે માંગેલ માહિતિ અંગે જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૪ તા.૧૬–૫–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં પક્ષકાર જાહેર માહિતિ અધિકારી જણાવેલ નથી તબદીલીનો અપીલ પત્ર ધ્યાને લેતાં કયા જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી કઈ માહિતિ મળેલ નથી તે મુદ્દાવાર જાહેર માહિતિ અધિકારી મુજબ સ્પષ્ટતા કરવા સાથે જાહેર માહિતિ અધિકારીનો તા.૨૨–૨–૧૧ ના તબદીલી પત્ર જોતાં લગભગ ૧ (એક)માસની વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજુ કરવા જણાવતો સાથે આરટીઆઈ એકટની કલમ– ૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે તેવું સૂચિત કરતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૨ તા.૧–૬–૧૧ થી પૂરક વિગતોમાં રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૨ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૬૮ તા.૨૨–૨–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૨૫–૨–૧૧ થી તા.૧૦–૨–૧૧ ની તેમન આઈડી નં.૪૭૮ ધરાવતી માહિતી માંગતી અરજી દફતરે કરવા જાહેર માહિતી અધિકારી રાંદેરેઝોનને કરેલી અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી રાંદેરઝોને પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈસેલ/ આ.નં.૭૯૬ તા.૪–૩–૧૧ થી અરજદારની અરજી દફતરે કર્યાની જાણ કર્યાની પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી પરંતુ મધ્યસ્થ શહેર વિકાસ તરફથી થયેલ કાર્યવાહીની પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૦–૨–૧૧ ની અરજીથી (૧) રામનગરની પાછળના ભાગે સરસ્વતી સોસા.ના પ્લોટ નં.ડી ૨૮ માં બનાવવામાં આવેલ છે. રામનગર, જે ફોટો મુજબ દેખાય છે. (૨) વિજય ગારમેન્ટ, રામનગરની અંદર ઝુલેલાલ મંદિરની સામે (સાતકુ સ્વીટ) વાળી ગલીમાં મેઈન રોડ, રામનગર. (૩) પાલનપુર–રામનગર ની પાછળ (નવા રોડના ચાર રસ્તાને અડીને) હાઉસીંગમાં દુકાન બનાવવામાં આવેલ છે? જે ફોટો મુજબ દેખાય છે.(૪) પાલનપુર–રામનગરની પાછળ (નવા રોડના ચાર રસ્તાને અડીને) સરસ્વતી સોસા.ની સામે રામનગર એપાર્ટમેન્ટમાં દુકાન બનાવવામાં આવેલ છે જે ફોટો મુજબ દેખાય છે. (૫) પાલનપુર પાટીયાથી રામનગર મેઈનરોડ ,રૂપાલી સિનેમાની બહાર ચલાવવામાં આવતી રેસ્ટોરન્ટ જે ફોટો મુજબ દેખાય છે. (૬) પાલનપુર –રામનગરની પાછળ (નવા રોડના ચાર રસ્તાને અડીને) સરસ્વતી સોસા.ની સામે ડી.એમ. મોટર્સ બનાવવામાં આવેલ છે જે ફોટો મુજબ દેખાય છે. (૭) રામનગરની અંદર પાકિસ્તાની મોહલ્લામાં બનાવવામાં આવેલ ગાયત્રી એપાર્ટમેન્ટ કોઈ પણ પરમીશન થી બનાવવામાં આવેલ છે. (૮) રામનગરની પાછળ (નવા રોડ ના ચાર રસ્તાને અડીને) સરસ્વતી સોસા.ના ગેટ પર જમણી બાજુ સર્વાનંદ કુટિર બનાવવામાં આવેલ છે. (૯) રામનગરની અંદર નિલકંઠ મહાદેવ મંદિર ની સામેના એપાર્ટમેન્ટનું નામ શું છે અને તે કોઈ પણ પરમીશનથી બનાવવામાં આવેલ છે? (૧૦) રામનગરની અંદર ઝુલેલાલ મંદિર વાળા મેઈન રોડ ટચ સાતકુ સ્વીટ, ભગત જનરલ સ્ટોર , વીવેક ફલેટવાળી ત્રણે મિલ્કત કોમર્શીયલ કે રેશીડેશીયલ તરીકેની પરવાનગી આપેલ છે? (૧૧) મહેન્દ્રપાર્ક એપાર્ટમેન્ટ, જહાંગીરપુરા ત્રણ રસ્તા શોપીંગ

કોમ્પલેક્ષની બાજુમાં એપાર્ટમેન્ટનું કામકાયદા મુજબનું બાંધકામ થઈ રહયું છે જે ફોટો મુજબ દેખાય છે. (૧૨) જહાંગીરપુરા મેઈન રોડ, એલ.પી.જી. પંપ બાજુમાં જે ફોટો નં.મુજબ દેખાય છે તે એપાર્ટમેન્ટનું નામ શુ છે? (૧૩) રાંદેરગામની અંદર બંબાગેટની ગલીમાં કોટફળી મોહલ્લાની બહાર એપાર્ટમેન્ટનુ નામ શું છે અને તે કોની પરમીશનથી બનાવવામાં આવી રહયું છે? જે ફોટો નં. મુજબ દેખાય છે. (૧૪) રાંદેરગામમાં પોપટ મોહલ્લા ની નજીક અમાની ટેરેસ એપાર્ટમેન્ટ પરમીશનથી બનાવવામાં આવેલ છે? (ગુજરાતી શાળા નજીક) (૧૫) રાંદેર ગામ પાંચ હાટડી પાસે શો–મેન ટેલરની બાજુમાં નવું એપાર્ટમેન્ટ બનાવવામાં આવી રહયું છે તે કોઈ પણ પરમીશનથી બનાવવામાં આવેલ છે? (મસ્જીદ નજીક) (૧૬) રાંદેર ગામ પાંચ હાટડી પાસે હરીશ પાન સેન્ટરની બાજુમાં એપાટમેન્ટ બનાવવામાં આવી રહયું છે તે કોઈ પણ પરમીશન થી બનાવવામાં આવેલ છે? (મસ્જીદ નજીક) આમ અરજદારે કુલ ૧૬ મિલ્કતોની માહિતી માંગતી અરજી પૈકી ફોટોવાળી મિલ્કત બાબતે નીચે જણાવેલ સબબ ૧ થી ૧૭ મુદ્દાઓની માહિતી માંગેલ છે. મુદ્દા નં.૧ બાંધકામ અંગે એડ્રેસ તેમજ ફોટા( જે બિડાણ કરેલ છે ) જેમાં દર્શાવવામાં આવેલ તમામ મિલ્કતના પ્લાન પાસ અંગે નીચે જણાવેલ સવાલના જવાબ આપવા ? મુદ્દા નં.ર બાંધકામ પ્લાન પાસ થયેલ છે? મુદ્દા નં.૩ બાંધકામ રેશીડેન્ટ કે કોમર્શીયલ પ્લાન પાસ થયેલ છે? તેમાં કેટલી દુકાન તથા ફ્લેટની પરવાનગી આપવામાં આવે છે? (૪) બાંધકામનો પ્લાન કોના નામે પાસ થયેલ છે અને કયા અધિકારી અને કઈ તારીખે પાસ કરેલ છે? (૫) બાંધકામવાળી જગ્યા માલિકોના નામ એડ્રેસ જણાવશો? (૬) બાંધકામ કરનાર કોન્ટ્રાકટર અને આર્કીટેક નું નામ એડ્રેસ જણાવવું? (૭) બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું તે જણાવવું? (૮) બાંધકામ ગેરકાયદેસર છે? હોય તો તેને તોડી પાડવામાં શા માટે આવતું નથી? (૯) ગેરકાયદેસર બાંધકામ થયુ છે તે વિસ્તારના જુની. ઈજનેર નું નામ અને એડ્રેસ આપવું? (૧૦) બાંધકામ ગેરકાયદેસર હોય તો તે બાંધકામ કરવામાં કયા કયા અધિકારી સડાવાયેલા છે? (૧૧) બાંધકામમાં એલાઈમેન્ટની જગ્યા છોડી છે? (૧૨) બાંધકામ પાર્કીગની જગ્યા છોડી છે એનુ માપ જણાવશો? હાલ પાર્કીગ જગ્યામાં બાંધકામ છે કે નહી? (૧૩) બાંધકામનો બાંધકામ એરીયા જણાવશો. (૧૪) સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે તેવો રીપોર્ટ કરનાર અધિકારીનું નામ અને હોદ્દો જણાવશો. (૧૫) બાંધકામ ચાલુ હતુ તે દરમ્યાન વીઝીટ કરનાર અધિકારીનું નામ આપવુ? અને કેટલી વખત વીઝીટ કરવામાં આવી છે? (૧૬) જો કોઈ બાંધકામ બંધ હતુ અને શા માટે બંધ કરવામાં આવેલ હતુ ? એનું કારણ શું હતું શું એને નોટીસ આપવામાં આવી હતી? (૧૭) બાંધકામ કેટલા સમયથી બંધ હતુ હવે કામ ચાલુ થયુ છે તો શું પરવાનગી આપવામાં આવી છે બાંધકામ કેટલા સમયથી બંધ હતું તે કામની ક્ષતિ પૂર્ણ કર્યા બાદ બાંધકામ ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવે છે? આ રીતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૬૮ તા.૨૨–૨–૧૧ થી ટાઉન પ્લાનર અને મધયસ્થ શહેર વિકાસને મુદ્દા નં.ર અંગે તબદીલ કરવામાં આવેલ. જે દરમ્યાન અરજદારે તા.૧૮–૨–૧૧ થી આઈ ડી નં. ૪૭૮ તા.૧૦–૨–૧૧ થી સદર અરજી દફતરે કરવા જણાવતી અરજી વેસ્ટઝોન ખાતે નં.૩૦૪ તા.૨૫–૨–૧૧ ના રોજ રજૂ કરેલ. જેમાં અરજદારે આરટીઆઈ હેઠળ તા. ૧૦–૨–૧૧ ના રોજ અરજી કરેલ હતી પરંતુ હવે અમોને જરૂર નહીં હોય અમારી કરેલી અરજી દફતરે કરશો. તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી અરજદાર શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની આઈડી નં.૪૭૮ તા.૧૦–૨–૧૧ ની અરજીથી માહિતી પુછાવેલ તેમને તેમના ઈન્વર્ડ નં.૩૦૪ તા.૨૫–૨–૧૧ ના પત્રથી અગાઉ પુછાવેલી માહિતીની જરૂર ન હોય સદર અરજી દફતરે કરવા જણાવેલ છે. જેથી સદર અરજી વેસ્ટઝોન ખાતેથી દફતરે કરવામાં આવેલ છે તેવો પત્ર નં.૭૯૬ તા.૪–૩–૧૧ થી અરજદારને પાઠવવામાં આવેલ અને જેની નકલ તબદીલ કરેલ ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસને તેમજ ડે.કમિ.(પઅનેઈ) અને નોડલ ઓફિસરને મોકલવામાં આવેલ. આમ અરજદારની અરજી દફતરે કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે માંગેલ માહિતીના જવાબ આપવામાં આવેલ નથી તેવું જણાવી તા.૭–૫–૧૧ ના રોજ લગભગ એક માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૨૧૪ તા.૧૬–૫–૧૧ થી બંને પક્ષકારોને અપીલ સંદર્ભે પૂરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પૂરક વિગતોમાં અરજદારે તા.૧૮–૨–૧૧ ના રોજ અરજી દફતરે કરવા માટે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ છે તેમના તરફથી દફતરે થઈ ગયેલ હોય જવાબ કરવાનો રહેતો નથી તેવું જણાવેલ છે. વધુમાં અરજદારને માહિતીની જરૂર ન હોય અરજી દફતરે કરવા જણાવેલ હોય તેમજ અરજદારની સદરહુ અપીલની વિગતોમાં વિસંગતતા હોઈ દફતરે કરવા યોગ્ય નિર્ણય કરવા વિનંતી કરેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ અરજી સંદર્ભે વિલંબિત અપીલ અંગે વાજબીપણુ રજૂ કરવા તક આપવા છતાં અરજદાર તરફથી વિલંબિત વાજબીપણુ કે અપીલ બાબતે કોઈ વિગતો રજૂ કરેલ નથી. અરજદારે અપીલ એક માસથી વધુ સમયના વિલંબિત અપીલ અંગે વાજબીપણુ રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેથી તેમની અપીલ અરજી દફતરે કરવા જોગ છે. આમ અરજદારની માહિતી માંગતી અરજી દફતરે કરવા કરેલી અરજી અને ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીએ અરજદારને અપીલ દફતરે કર્યાની જાણ કરેલ હોઈ તેમજ અરજદારની વિલંબિત અપીલને ધ્યાને લઈ અને વિલંબિત અપીલ અંગે કોઈ કારણ કે વિગતો જણાવવામાં સફળ રહેલ ન હોઈ અરજદારની પ્રસ્તુત અપીલ અરજી અપીલીય કાર્યવાહી હાથ ધરવા માટે યોગ્ય અને પર્યાપ્ત કારણો ધરાવતી નથી. તદઉપરાંત અરજદારે માત્ર ફોટો જે બ્લેક એન્ડ વાઈટ છે તેની નીચે સ્થળ કે રોડ ની સ્થિતિ જણાવી માહિતી માંગેલ છે જે સંદિગ્ધ પ્રકારની જણાય છે. માહિતી દફતરેથી શોધવા મિલ્કતની સ્થળના સર્વે નંબર, ટીપી જેવી ચોકકસ ઓળખ હોવી આવશ્યક છે તે રજૂ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૦૨–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગેની અરજી દફતરે કરવા ૧૮–૨–૧૧ ની તારીખ ધરાવતી તા.૨૫–૨–૧૧ ના રોજ રજૂ કરેલી અરજીને ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારીએ તા.૪–૩–૧૧ ના રોજ દફતરે કરેલી હકીકત તથા અપીલ તબકકે વિલંબિત અપીલનું વાજબીપણુ રજૂ કરવામાં કે તેમનો પક્ષ રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ ન હોઈ તમામ હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી પિંકલ પી. ધીવાળા,